R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

આપનું લવાજમ બાકી છે ?
હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ
પી.ટી.કોલેજરોડ,નારાયણનગર
પાલડી,અમદાવાદ-૭

ESTD.YEAR- 22•ISSUE: 05 DATE: 03-02-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

## આધુનિક ભારતનું સપનું સાકાર કરતું વિકાસલક્ષી બજેટ સંસદમાં નાણામંત્રીએ રજુ કર્યું

કેન્દ્રના નાણાંમંત્રી અરુણ જેટલીએ સંસદમાં સામાન્ય બજેટ રજુ કર્યુ હતું.તેમણે ખેડુતો,,ગરીબો,ગ્રામીણ ગરીબો, શિક્ષણ,આરોગ્ય,સામાજિક સુરક્ષા, અને ઈન્ફાસ્ટ્રકચર જેવા અર્થતંત્રના ચાલકબળ સમાન ક્ષેત્રોના વિકાસને ધ્યાનમાં રાખીને આધુનિક ભારતનું સપનું સાકાર કરતું વિકાસલક્ષી બજેટ સંસદમાં રજુ કર્યુ હતું.



તેમના બજેટમાં જે રાહ જોવાતી હતી તે પગારદારોને ઈન્કમટેક્ષમાં રાહતની કોઈ જોગવાઈ કરવામાં આવી નહોતી.તેમણે આવકવેરામાં સ્ટાન્ડર્ડ ડિડકશનની જોગવાઈ ફરી દાખલ કરી હતી અને સ્ટાન્ડર્ડ ડિડકશનનો રુ.૪૦,૦૦૦નો લાભ આપ્યો હતો.પણ સામે મેડિકલ અને ટ્રાન્સપોર્ટેશનની છુટ રદ કરી હતી. આમ સરવાળે ચોક્કસ પગારદારોને ફક્ત રુ.૫૮૦૦નો લાભ મળ્યો હતો. આ જોગવાઈને કારણે સરકારને રુ.૮૦૦૦કરોડની આવક ગુમાવવી પડશે પણ બીજી તરફ હેલ્થ અને એજ્યુકેશન સેસમાં ૧ ટકાનો વધારો કરીને તેમણે આ સેસ ૪ ટકા કર્યો હતો. આ રીતે રુ.૧૧,૦૦૦કરોડ ભેગા થશે. લોકોનું જીવનધોરણ સુધરે તે માટે ઈઝ ઓર લિવિંગ પર ખાસ ભાર મુક્યો હતો.

સિનિયર સીટીઝનને ડીપોઝીટના વ્યાજ પરની ટેક્સમાફી વર્ષે રુ.૧૦,૦૦૦થી વધારીને રુ.૫૦,૦૦૦ કરાઈ છે.ગંભીર માંદગી માટે ટેક્સ ટિડકશનના લાભ રુ.૧ લાખ સુધીના કરાયા છે.સિનિયર સીટીઝનને ઈન્કમટેક્ષમાં રાહત અપાઈ છે.વ્યાજની આવક રુ.૧૦,૦૦૦થી વધીને રુ.૪૦,૦૦૦ થાય ત્યા સુધી તેમને ટીડીએસ કપાશે નહીં.એફડીમાં પણ વ્યાજની આવકને આ માફી મળશે.મેડીકલ ખર્ચના લાભ વધારીને રુ. ૧ લાખ સુધીના કરાશે. એફડી અને અન્ય વ્યાજ પર ટેક્સમાં માફી અપાઈ છે.મેડીકલ બિલમાં રુ.૪૦,૦૦૦ સુધી સ્ટાન્ડર્ડ ડિડકશનની છુટ અપાઈ છે. એલઆઈસીમાં રોકાણ મર્યાદા વધારીને રુ.૧૫લાખ કરાઈ છે.

## સંસદમાં રજુ કરાયેલું મોદી સરકારનું અંતિમ બજેટ નાણાંમંત્રીની નિષ્ફળતા :કોગ્રેસ

સંસદમાં મોદી સરકારના કાર્યકાળનું અંતિમ અને પુર્ણ બજેટ નાણાંમંત્રી અરુણ જેટલીએ રજુ કર્યું પરંતુ મુખ્ય વિપક્ષ કોગ્રેસે આ બજેટ માત્ર ‘પાખંડ’ હોવાનું કહીને ફગાવી દીધું છે.કોગ્રેસે આ બજેટ નાણાંમંત્રીની નિષ્ફળતા સમાન હોવાનો દાવો કર્યો હતો.જ્યારે દિલ્હીને જ ફોક્સ કરતાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ બજેટમાં દિલ્હી સાથે ઓરમાયું વર્તન થયાની રાવ કરી હતી. એ જ રીતે અન્ય વિપક્ષોની પ્રતિક્રિયામાં બસપા પ્રમુખ માયાવતીએ પણ કેન્દ્રીય બજેટ પસંદ પડ્યું નથી. અને તેમણે તેને ગરીબો વિરોધી અને અમીરો માટેનું બજેટ હોવાનું નિવેદન આપ્યું હતું.તો તુણમુલ કોગ્રેસે બજેટ સુપરફલોપ હોવાનો દાવો કર્યો છે.

કોગ્રેસે સંસદમાં રજુ થયેલ બજેટ રાજકીય ન હોવાનું સ્વીકારીને પણ કોગ્રેસે આ બજેટ ખેડુતો તથા અન્ય હાંસિયામાં ધકેલાયેલા સમાજના ક્ષેત્રો માટે એક પાખંડ સમાન છે.કોગ્રેસના નેતા મનિષ તિવારી અને પુર્વ નાણાં મંત્રી પી.ચિદમ્બરમે કહ્યુ હતું કે આ બજેટ નાણાંમંત્રીની નિષ્ફળતા દર્શાવે છે.તેઓએ કહ્યુ હતું કે નાણામંત્રી અરુણ જેટલી રાજકોષીય ખાધ ઘટાડવામાં સફળ થઈ શક્યા નથી. જેના અર્થતંત્રમાં ગંભીર પરિણામો આવશે.

પુર્વ પીએમ અને જનતા દળ(એસ)ના નેતા એચ.ડી.દેવગોડાએ કહ્યુ હતું કે ખેડુતો પર બજેટમાં લક્ષ અપાયું પરંતુ તે પુરતું નથી. તેમના માટે લેવાનાર પગલાં પર્યાત નથી.

જ્યારે કેન્દ્રીય બજેટમાં દિલ્હી માટે ઓરમાયું વર્તન દાખવવામાં આવ્યું હોવાની ફરિયાદ દિલ્હી સી.એમ. કેજરીવાલે કરી હતી.તેમણે કહ્યુ હતું કે અમને અપેક્ષા હતી કે કેન્દ્રીય બજેટમાં મહત્વપુર્ણ માળખાકીય પ્રોજેક્ટસ માટે આર્થિક સહાય પ્રાપ્ત થશે.પરંતુ કેન્દ્ર સરકારે દિલ્હી વાસીઓને સેકન્ડ ગ્રેડ નાગરીકો સમજતી હોવાથી બજેટમાં કોઈ જોગવાઈ કરવામાં આવી નથી.કેન્દ્રીય બજેટ ભારોભાર નિરાશાજનક છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ.
પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## અમેરિકામાં ગ્રીન કાર્ડ લોટરી બંધ થશે અને મેરિટ આધારિત સિસ્ટમ શરુ થશે : અમેરિકી પ્રમુખ ટ્રમ્પની સંસદમાં જાહેરાત

અમેરીકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતીયોને લાભ થાય તેવી એક જાહેરાત કરી હતી.તેમણે વીઝા નીતિમાં ફેરફાર અંગેની જાહેરાત કરી હતી.જેમાં ગ્રીન કાર્ડની લોટરી સિસ્ટમને બદલી નાંખીને લોટરીને સ્થાને મેરિટ આધારે વિઝા આપવાનું નક્કી કરતી નીતિ શરુ કરવા અમેરિકી સંસદમાં તેમણે કરેલા સંબોધનમાં આ બાબત જણાવી હતી.

ટ્રમ્પની આ નવી ઈમીગ્રેશન નીતિને કારણે અમેરિકામાં વસતા હજારો ભારતીયોને તેનો લાભ મળશે.જો કે લોટરી સિસ્ટમ બંધ કરી દેવાની જાહેરાતની અટકળોને કારણે હજારો ભારતીયોને અમેરિકામાંથી ઉચાળા ભરવા પડશે તેવી ભીતિથી ભારતીયોમા દહેશતનો માહોલ સર્જાયો હતો.અમેરિકામાં એચ ૧બી વીઝા અંતગર્ત હજારો ભારતીયોને ફાયદો થશે.અમેરિકામાં વસતા આવા આઈટી સાથે સંકળાયેલા અનેક એચ ૧ બી વિઝા ધારકોને આ ફાયદો મળી શકશે.ટ્રમ્પે ગ્રીન કાર્ડ લોટરી સિસ્ટમ બંધ કરીને તેને સ્થાને મેરીટ આધારિત સિસ્ટમ શરુ કરવા નક્કી કર્યુ છે.

## રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં થયેલ પેટા ચુંટણીમાં ભાજપના વળતા પાણી

રાજસ્થાન અને પશ્ચિમ બંગાળમાં થયેલ પેટાચુંટણીમાં ભાજપનો કારમો પરાજય થયો હતો. પેટા ચુંટણીમાં તમામ બેઠકો પરથી ભાજપનો કારમો પરાજય થયો હતો. રાજસ્થાનમાં લોકસભાની બે અને વિધાનસભાની એક બેઠક કોગ્રેસને ફાળે ગઈ હતી. જ્યારે પશ્ચિમબંગાળની લોકસભાની બેઠક અને વિધાનસભાની બેઠક પરથી તુણમુલ કોગ્રેસના ઉમેદવારો વિજયી નિવડ્યા હતા.આમ ભાજપનો ગ્રાફ નીચો જતો જણાયો હતો.

## મેડીકલ કૌભાંડમાં અલ્હાબાદ હાઇકોર્ટના જજ શુકલને હટાવવા સુપ્રીમ ચીફજસ્ટીસે ભલામણ કરી

સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ અલ્હાબાદ હાઈકોર્ટના જજ એસ.એન.શુકલને હટાવવાની ભલામણ કરવાનો નિર્ણય કર્યો છે.મેડિકલ કોલેજમાં એડમિશનમાં કૌભાંડના મામલે આંતરીક તપાસમાં જસ્ટીસ શુકલની ગેરવર્તણુંક બહાર આવી હતી અને તેઓ દોષિત ઠર્યા હતા.

કોર્ટના સુત્રોએ જણાવ્યા અનુસાર ચીફ જસ્ટીસ મિશ્રા રાષ્ટ્રપતિ અને વડાપ્રધાનને ટુંક સમયમાં પત્ર લખીને આ ભલામણ અંગે જાણ કરશે.હાઈકોર્ટનાજજને હટાવવાની આંતરીક પ્રક્રિયા અંતર્ગત તે જરુરી છે. ત્રણ જજની ઈન-હાઉસ કમિટીએ તેની તપાસના રિપોર્ટમાં કહ્યુ છે કે જસ્ટીસ શુકલા સામે જે આક્ષેપ કરાયા છે તે ગંભીર છે અને તેમને હટાવવાની પ્રક્રિયા માટે પુરતા છે.આ તપાસ સમિતિમાં મદ્રાસ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ ઈન્દીરા બેનરજી, સિક્કીમ હાઈકોર્ટના ચીફ જસ્ટીસ એસ.કે.અગ્નિહોત્રી અને મધ્યપ્રદેશ હાઈકોર્ટના જસ્ટી. પી.કે જયસ્વાલનો સમાવેશ થતો હતો.સમિતિનો રીપોર્ટ આવ્યા બાદ ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ જસ્ટીસ શુકલને રાજીનામું આપી દેવા અથવા સ્વેચ્છીક નિવૃત્તિ લેવાની સલાહ આપી હતી.પરંતુ શુકલાએ તેનો ઈન્કાર કરી દેતાં ચીફ જસ્ટીસે તેમને ન્યાયિક કામગીરીથી તાત્કાલિક દુર રહેવાનો આદેશ કર્યો હતો. એ મુજબ શુકલાને કામગીરીથી અળગા કરી દેવાયા હતા.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
**http://jagadishchristian.com**
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

દેશના ગણતંત્ર દિવસની ઉજવણી નિમિત્તે દિલ્હીમાં સરકાર દ્વારા યોજાયેલ સમારંભમાં કોંગ્રેસ પ્રમુખ રાહુલ ગાંધીને છઠ્ઠી હરોળમાં બેસાડીને તેમનું કદ વેતરવાનો પ્રયાસ કર્યો તે કેટલો શરમજનક અને હલકી કક્ષાનો છે તે સત્તારુઢ પક્ષની માનસિકતા પરથી દેખાઇ આવે છે. ભાજપે ઉભી કરેલી મીડીયામાં કેટલાક વિઘ્ન સંતોષી જીવો નિમ્મકક્ષાનું રાજકારણ ઊભુ કરીને શું બતાવવા માંગે છે તે ઉચ્ચ નેતાગીરીએ સમજવાની જરુર છે. આવું કરવાથી તેમની પદોઉન્નતિ થઇ જવાની નથી કે તેમનું વર્ચસ્વ વધી જવાનું નથી.માત્ર તેનાથી લોકમાનસમાં તેમનું સ્તર હલકી કક્ષાનું ઊભરશે.રાહુલ ગાંધીએ મોઘું જેકેટ પહેર્યું તેવા સમાચારો વહેતા કરવાથી શું વળવાનું છે.રાહુલ ગાંધી ધનાઢ્ય કુટુંબમાં જન્મ્યા છે અને તેમના વડવાઓએ અતિ વૈભવી ઠાઠ જોયો છે અને તે પણ આઝાદી પહેલાં.

કોંગ્રેસે તરફથી જે આક્રોશ પ્રગટ થયો તેમાં જે કહેવાયું તે અતિશયોક્તિ પણ નથી.તેમના કહેવા મુજબ અહંકારી શાસકોએ તમામ પરંપરાઓને અવગણી છે.મોદી સરકારની નિમ્નકક્ષાની રાજનીતિ જગજાહેર થઇ છે.જાણી જોઇને તેમને છઠ્ઠી હરોળમાં બેસાડાયા.ખેર,હવે તો જે તે રાજ્યોમાં પણ જ્યાં સત્તારુઢ ભાજપીઓ છે ત્યાં પરંપરા,માન -અવમાન કે નીતિ વિગેરેનો હાશ થતો દેખાઇ રહ્યો છે. બંધારણની અવમાનના અને તેનો ભંગ છડેચોક કરવામાં આવી રહ્યો છે. જે લોકશાહી માટે ખતરા સમાન છે.

## મંતવ્ય

યુપીના કાસગંજ વિસ્તારમાં કરાયેલા કોમી રમખાણમાં જે સત્ય ઉજાગર થઇ રહ્યું છે તે જોતાં કોમી ભડકો ઉભો કરવા માટેનો પ્રયત્ન કરનારા પરિબળો રાજસત્તાની નજીદીકી રિશ્તેદાર છે.જે જગ્યાએ શાંતિથી ધ્વજવંદન કાર્યક્રમ થઇ રહ્યો હતો ત્યાં જઇને અશાંતિ ઊભી કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો.સોશ્યલ મીડીયામાં જે વ્યક્તિ ઉપાધ્યાયના મરણના સમાચાર જાહેર કરીને અશાંતિ ડહોળવાનો પ્રયાસ કરવામાં આવ્યો તે વ્યક્તિ જીવીત નિકળ્યો.સરકારની કેટલીક બેદરકારી બતાવે છે કે આવા સમાચારોનું ખંડન કરી ને સત્ય બહાર લાવવા માટે કેમ પ્રયત્ન થયો નહીં.

જે વ્યક્તિના મરણના સમાચાર જાહેર થયા તે વ્યક્તિ જાતે પોલીસ સમક્ષ હાજર થઇને પોતે જીવીત હોવાના પુરાવા પેશ કર્યા બાદ કોમી રમખાણમાં મરણ પામેલ વ્યક્તિ જીવીત હોવાના સમાચારો બહાર આવ્યા.મરનાર વ્યક્તિ ખરેખર કોની ગોળીનો ભોગ બન્યો છે તે પણ હજુ સુધી બહાર આવ્યું નથી.માત્ર કેટલાકની શંકાને આધારે ધરપકડ કરવામાં આવી છે.યુ.પી.માં હથિયારોની કમી નથી અનેકો પાસે બેનંબરી હથિયાર છે.તેથી બધા આતંકવાદીઓ છે તેવું ઠોકી બેસાડવું ખોટું છું. યુ.પી.બિહાર જેવા રાજ્યોમાં માફીયાઓનું જ વર્ચસ્વ છે તે સહુ કોઇ જાણે છે અને ચુંટણીઓ માફિયાઓની તાકાત પર જીતાય છે અને લડાય છે.કોમવાદ ઊભો કરીને દેશના ટુકડા કરવાની રાજનીતિ ચલાવી લેવાય નહીં.લોકોમાં જાગૃતિ આવવી જરુરી છે. મનીષ કે પરમાર


AGNELO FREE MARRIAGE SERVECES, INDIA
agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332



## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકે નિમણુંક



ગુજરાતના પુર્વ મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલની ભારતના રાષ્ટ્પતિ રામનાથ કોવિંદે મધ્યપ્રદેશના રાજયપાલ તરીકે નિમણુંક કરી છે.ગુજરાતના પુર્વ અને પહેલા મહિલા મુખ્યમંત્રી તરીકે આનંદીબેન પટેલ ગુજરાતના અન્ય રાજયપાલ તરીકે નિમાયેલા વ્યક્તિઓ પૈકીના બીજા નંબરના વ્યક્તિ છે. આ પહેલા કર્ણાટકના રાજયપાલ તરીકે વજુભાઇ વાળાની નિમણુંક કરવામાં આવી હતી.૨૨ નવેમ્બર,૧૯૪૧માં મહેસાણા,વિજાપુર તાલુકાના ખરોડ ગામે જન્મેલા આનંદીબેન પટેલે એમએસસી અને એમએડ એમ ડબલ ગ્રેજ્યુએટની પદવીઓ હાંસલ કરેલી છે.૧૯૬૭માં અમદાવાદની મોહિનીબા કન્યા વિદ્યાલયમાં હાયર સેન્કડરીમાં વિજ્ઞાન અને ગણિતના શિક્ષક તરીકે કારકીર્દીની શરુઆત કરી હતી.૧૯૮૭માં તેઓ ભાજપ સાથે જોડાયા હતા. પછી આનંદીબેન પટેલે પક્ષમાં મહિલા મોરચાને સક્રિય રીતે આગળ વધારવાની જવાબદારી સ્વીકારી હતી. ભાજપમાં ૧૧૯૪માં સૌ પ્રથમ વખત રાજયસભાના સભ્ય બન્યા હતા.અને ૧૯૯૮માં રાજીનામું આપીને પહેલી વખત વિધાનસભાની ચુંટણી લડ્યા હતા. ત્યારબાદ છેક ૨૦૧૨ સુધી તેઓ વિધાનસભાના સભ્ય બન્યા અ - ા ે શિક્ષણ,મહેસુલ,માર્ગમકાન,મહિલા અને બાળ કલ્યાણ સહિતના વિભાગોના કેબિનેટ મંત્રી રહ્યા હતા.તેમણે કેશુભાઇ પટેલ અને નરેન્દ્ર મોદીના મુખ્યપ્રધાન કાળમાં કેબિનેટ પ્રધાન તરીકેની કામગીરી કરી હતી.મે ૨૦૧૪માં તત્કાલિન મુખ્યપ્રધાન વડાપ્રધાન તરીકે શપથ લેતાં તેમને સહુ પ્રથમ મહિલા મુખ્યમંત્રી તરીકેની જવાબદારી સોપાંઇ હતી.

જો કે આનંદીબેન પટેલે ૨૦૧૭માં વિધાનસભાની ચુંટણી પુર્વે યુવા નેતૃત્વને બાગદૌર સોપવા માટે પક્ષમાં માર્ગ મોકળો કર્યો હતો.તેથી તેમણે આ પદ પરથી રાજીનામું આપ્યું હતું.તેમજ ૨૦૧૭માં યોજાનારા વિધાનસભાની ચુંટણીમાં ચુંટણી નહી લડવાની પણ જાહેરાત તે સમયે જ કરી હતી.તેમજ ચુંટણી પ્રચાર તંત્ર સંભાળ્યું હતું.જો કે મુખ્યમંત્રી તરીકે તેમણે આપેલ રાજીનામું બાદ એવી અટકળો વહેતી થઇ હતી કે તેમને મોવડીમંડળ તરફથી મહત્વના પદ માટે ઓફર કરાશે.

આખરે તેમનો ભાજપની નેતાગીરીએ તેમના ત્યાગ માટે થઇને તેમનો અગત્યની કામગીરી રુપ રાજ્યપાલનો દરજ્જો આપવામાં આવ્યો.તેઓએ મધ્યપ્રદેશના રાજ્યપાલ તરીકેની જવાબદારી હવે સંભાળી લીધી છે.શરુઆતમાં આવેલા સમાચારો મુજબ પ્રતિક્રિયા આપતાં તેમણે કહ્યુ હતું કે ‘‘મને કાંઇ ખબર નથી. મહેરબાની કરો’’પરંતુ ત્યારબાદ આ જાહેરાત કરાઇ હતી.

# કાર સહિતના ફોર વ્હીલર પરના બમ્પર ગાર્ડ દુર કરવા આદેશ જારી

કાર સહિતના ફોર વ્હીલરમાં આગળના ભાગે લગાવાતાં કે ફીટ કરવામાં આવતાં લોખંડ કે સ્ટીલના બુલબાર-ક્રેશ ગાર્ડના ફિટમેન્ટને વાહન વ્યવહાર વિભાગે ગેરકાયદેસર જાહેર કર્યો છે.જેથી આવા વાહનો પર સાદી ભાષામાં જેને બમ્પર કહેવાય છે તેવા બુલબારને દુર કરવાનો આદેશ અપાયો છે. ઉપરાતં વાહન માલિકો સામે શિક્ષાત્મક પગલાં ભરવા માટે પણ આદેશ કર્યો છે.કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલય દ્વારા આપવામાં આવેલી સુચના બાદ રાજ્યના વાહન વ્યવહાર વિભાગે આ આદેશ જારી કર્યો હતો.તેમજ તમામ આરટીઓને આ બાબતે પગલાં લેવા આદેશ કર્યો છે.

કેન્દ્ર સરકારના રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલય દ્વારા તમામ રાજ્યોને કાર સહિતના ફોર વ્હીલરમાં લગાવવામા આવતાં બમ્પર ગાર્ડનું ફીટમેન્ટ ગેરકાયદેસર જાહેર કર્યુ હતું.અને તેની સામે કાર્યવાહી કરવાની સુચના આપી હતી.વાહનો પર બમ્પર ફીટ કરવાને કારણે રાહદારીઓ,સાઇકલસવારો,બાઇકસવારોને નુકસાન થવાનું જોખમ છે. ઉપરાતં એક અભ્યાસ પ્રમાણે આ બમ્પરથી કારના એરબેગના સેન્સર પણયોગ્ય રીતે કામ કરતાં થી. આથી વાહનો પરના આવા ક્રેસ ગાર્ડ દુર કરાવવા સુચના આપવામાં આવે છે.એમ.વી એકટ ૧૯૮૮ની કલમ ૧૯૦ અને ૧૯૧ મુજ શિક્ષાત્મક પગલાં લેવા માટે પણ સુચના આપવામાં આવી છે.

## જાણવા જેવું !

વિશ્વમાં જંગલો દ્વારા જેટલો પણ ઓક્સિજન ઉત્પન કરવામાં આવે છે તે બધામાં ૨૦ ટકા જેટલો ઓક્સિજન એમેઝોનના વરસાદી જંગલો દ્વારા પેદા કરવામાં આવે છે.

વર્લ્ડ ચેમ્પીયન ચેસ પ્લેયર ગેરી કાસ્પારોવ સૌથી નાની ઉંમરે વર્લ્ડ ચેમ્પીયન બનવાની સિધ્ધિને વરેલા છે.


★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

‘નીલીવા કુંજ’ પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨



કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





# ૬૯મું પ્રજાસત્તાક પર્વ
# વિકાસ બન્યો ગુજરાતની ઓળખ

## વિકાસની ઝલક



**ખેડુતોની પડખે સરકાર : ખરીફઋતુ-૨૦૧૭માં મણદીઠ રૂ.૯૦૦ ટેકાના ભાવે રૂા.૩૪૯૫ કરોડની ૩૮૮ લાખ મણથી વધુ મગફળીની ખરીદી : ૪ લાખથી વધુ ખેડુતોને મળ્યો લાભ : ગત વર્ષની તુલનામાં ચારગણી મગફળી ટેકાના ભાવે ખરીદી**

**ઇઝરાયેલની અનોખી ભેટ : રણકાંઠાના સુઇગામને આપી વોટર ડી-લેનીનેશન પ્લાન્ટ ધરાવતી મોબાઇલ વાનઃ રણ વિસ્તારમાં ભરાયેલું ખારુ પાણી બનશે પીવાલાયક**

**મા અને મા વાત્સલ્ય યોજનાઃ ગંભીર પ્રકારની બિમારીઓમાં બી.પી.એલ. અને મધ્યમવર્ગના પરિવારોને ૫૦૦થી વધુ સારવાર પધ્ધતિઓ : યોજનાનો લાભ લેવા આવક મર્યાદા વધારીને રૂા.૨.૫૦ લાખ કરાઇ**

**પંડિત દિનદયાલ પ્રધાનમંત્રી જનઔષધિ સ્ટોર્શ : જેનેરિક દવાઓ મળે છે ૪૦થી ૮૦ ટકા જેટલા સસ્તા દરે અને તે પણ ગુણવત્તાની બાંયધરી સાથે**

**શ્રમિક અન્નપુર્ણા યોજના : બાંધકામ શ્રમિકો અને તેમના કુટુંબીજનોને ૧૦ રુપીયામાં સાત્વિક ભોજન**

**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના : રાજ્યના તમામ જ્ઞાતિવર્ગના યુવાનોને શિક્ષણ,કૌશલ્ય અને રોજગાર માટેની ઐતિહાસિક યોજના**

**માર્ગ સુવિધાનો વ્યાપ વધારવા રૂા.૧૬૦૦ કરોડના કાર્યોને કેન્દ્ર સરકારની મંજુરી : ચિલોડા-ગાંધીનગર-સરખેજ હાઇવે રૂા.૮૪૬ કરોડના ખર્ચે બનશે છ માર્ગીય સંપુર્ણ ટોલ ફ્રી : રાજ્યના ૨૩ જિલ્લાઓના હયાત રસ્તાઓના વિસ્તૃતિ-મજબુતીકરણ,નવા પુલો-નાળાઓ બનાવવા રૂા.૭૮૦ કરોડની ફાળવણી**

**શાળાઓમાં શૈક્ષણિક ફી નિયમનની દિશામાં ગુજરાતે ચીંધી સમગ્ર દેશને દિશા :શાળાઓમાં ફી નિયમન અધિનિયમને નામદાર હાઇકોર્ટની મંજુરીની મહોર.**

**પ્રજાસત્તાક પર્વે સૌ ભારતવાસીઓને અંતઃકરણપુર્વ શુભેચ્છાઓ**

**પ્રજાસત્તાક પર્વે સૌ નાગરિકોને હૃદયપુર્વક શુભકારનાઓ**
**નીતિન પટેલ,નાયબ મુખ્યમંત્રી ગુજરાત**

# દરેક જિલ્લામાં સરકારના સોશિયલ મીડીયા કોમ્યુનીકેશન હબ રચાશે જે ઘટનાઓની રજેરજ માહીતી સરકારને પહોચાડશે

કેન્દ્રીય માહીતી અને પ્રસારણ મંત્રાલય સોશિયલ મીડીયા કોમ્યુનીકેશન હબની રચના કરવાની યોજના બનાવી રહ્યું છે.તેના દ્વારા જિલ્લાઓમાં પ્રચલિત બની રહેલા સમાચારો પર નિયંત્રણ રાખવાની સાથે સાથે કેન્દ્ર સરકારની મહત્વની યોજનાઓ અંગે માહીતી મેળવવામાં પણ મદદ મળી શકશે.આ યોજના અંતગર્ત દરેક જિલ્લામાં કોન્ટ્રાકટ પર મીડીયાકર્મીઓને નોકરીમાં રાખવામાં આવશે.જેઓ દરેક જિલ્લામાં સરકારના આંખ અને કાન બની રહેશે.તેઓ સરકારની બનતી ઘટનાઓ અંગેની વાસ્તવિક અને રજેરજની માહીતી આપશે.

આ ઉપરાંત કેન્દ્રીય માહીતી અને પ્રસારણ મંત્રાલય સરકાની નીતીઓ અંગે જનતાના મંતવ્યો પ્રાપ્ત કરશે અને જે તે વિસ્તારમાં પ્રચલિત બની રહેલા સમાચારોને અનુસરી શકશે.આ માહીતીનો ઉપયોગ અફવાઓ ડામવામાં અને નિયુકત કરાયેલ મીડીયા કર્મી તેના વિસ્તારમાં ફેલાઈ રહેલી અફવાઓ સામે સત્ય રજુ કરવામાં મદદ કરશે.તાજેતરમાં જ માહીતી પ્રસારણ મંત્રાલય અતગર્ત કામ કરતાં જાહેરક્ષેત્રના એકમ બ્રોડકાસ્ટીંગ એન્જીનીયરીંગ કન્સલ્ટન્ટસ ઈન્ડીયા લી. આ પ્રોજેકટ માટે સોફટવેર મેળવવા માટે ટેન્ડર જારી કર્યા છે.

ટેન્ડર દસ્તાવેજમાં જણાવવામાં આવ્યું છે કે સરકારને ન્યુઝ,બ્લોગ્સ જેવા ડીજીટલ પ્લેટફોર્મ સહિતના મહત્વના તમામ સોશ્યલ મીડીયા પ્લેટફોર્મની જરુર છે.આ સિંગલ સિસ્ટમમાં રિઅલ ટાઈમ ઈનસાઈટ્સ,મેટ્રિકસ અને અન્ય મહત્વની માહીતી ઉપલબ્ધ થવી જોઈએ.

આ પ્રકારનું પ્લેટફોર્મ ડીજીટલ ચેનલોમાં એકસુત્રતા લાવવા માટે ઓટોમેટેડ રિપોર્ટસ,ટેકનીકલ ઈનસાઈટ પુરા પાડશે.આ પ્લેટફોર્મ કન્ટેન્ટ નાબુદ કરવામાં વપરાશે તેથી તે ફિચર્સ પબ્લીશ કરવામાં મદદરુપ થતું હોવું જોઈએ.પ્લેટફોર્મ રિઅલ ટાઈમ મીડીયા કમાન્ડ રુમ પુરો પાડતો હોવો જોઈએ.આ સિસ્ટમ વિવિધભાષાઓને સપોર્ટ કરતી હોવી જોઈએ.

# એન્વાર્યનમેન્ટલ પર્ફોમન્સ ઇન્ડેકસમાં પણ ભારત ૧૮૦માંથી છેક ૧૭૭માં ક્રમેઃ વર્લ્ડ ઇકોનીક્સ ફોરમમાં જારી કરાયેલો અહેવાલ

એન્વાર્યનમેન્ટલ પર્ફોમન્સ ઈન્ડેક્સ ૨૦૧૮માં ભારતનો સમાવેશ સૌથી નબળી કામગીરી કરનારા પાંચ દેશોમાં થાય છે.એમ વર્લ્ડ ઈકોનોમિક ફોરમના સહયોગમાં યેલ અને કોલંબિયા યુની.એ તૈયાર કરેલા દ્વિવાર્ષિક અહેવાલમાં જણાવાયું છે.૧૮૦ દેશોની એન્વાર્યમેન્ટલ હેલ્થ કેટેગરીમાં ભારત સૌથી નીચા ક્રમે છે.જ્યારે એર ક્વોલીટીના સંદર્ભમાં ૧૭૮માં ક્રમે છે. એન્વાર્યમેન્ટલ હેલ્થ પોલીસી અને એર પોલ્યુશન કેટેગરીમાં નબળા દેખાવને કારણે ભારતને ૧૭૭મોક્રમ મળ્યો છે.દાવોસમાં હાલમાં ચાલી રહેલા વર્લ્ડ ઈકોનોમિક ફોરમમાં આ અહેવાલ જારી કરવામાં આવ્યો હતો.ભારતમાં છેલ્લા દાયકામાં અલ્ટ્રા ફાઈન પ્રદુષકોને કારણે મૃત્યુ થયા છે. અને આવા પ્રદુષકોનું વાર્ષિક પ્રમાણ ૧,૬૪,૦૧૧૩ હોવાનો અંદાજ છે.ઈપીઆઈમાં પ્રથમ ક્રમે સ્વિર્ઝલેન્ડ છે. એ પછી ફ્રાંસ,ડેન્માર્ક,માલ્ટા, અને સ્વીડનો નંબર આવે છે.યાદીમાં તળિયાના પાંચ દેશોમાં ભારત ઉપરાંત બાંગલાદેશ,બરુંડી, ડેમોક્રેટીક રિપબ્લીક ઓફ કોગો અને નેપાળનો ક્રમ આવે છે. અહેવાલમાં જણાવ્યા પ્રમાણે સરકારે પગલાં લેવા છતાં નક્કર ઈંધણ,કોલસો, નકામા પાકને બાળવો અને મોટર વાહનોના પ્રદુષણને કારણે ભારતમાં એર ક્વોલીટીમાં ઘટાડો થયો છે.ભારતમાં પર્યાવરણ મંત્રાલયે જોકે આ અહેવાલ અંગે કોઈ ટિપ્પણી કરી નથી.

સંશોધકોએ જણાવ્યુ હતું કે ઉભરતા દેશોમાં વસતીનું દબાણ અને ઝડપી આર્થિક વૃધ્ધિએ પર્યાવરણનો ભોગ લીધો છે.ભારતની જેમ ચીનનો દેખાવ પણ નબળો છે.સૌથી વધુ વસતી ધરાવતા ચીનનો ક્રમ ૧૨૦મો છે.૧૦માં ઈપીઆઈ અહેવાલમાં ૧૦ કેટેગરીમાં ૨૪ માપદંડો પરથી ૧૮૦ દેશોના રેન્કીંગ આપવામાં આવ્યા હતા.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પુયટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન

૧૩,સહયોગ પાર્ક-૧ ,ન્યુ ગામડી રોડ, આણંદ.૧

મો.:૮૨૩૮૦૦૧૯૮૯

૯૮૨૪૩૬૨૪૬૨



**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સંબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386


# કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કાર્ય જે તે રાજ્યોનું છે કોર્ટનું કાર્ય બંધારણનું રક્ષણ કરવાનું છે : સુપ્રીમ કોર્ટ



વિવાદાસ્પદ ફિલ્મ પદ્માવત સામેની વધુ એક અરજી સુપ્રીમ કોર્ટે ફગાવતાં કહ્યુ હતું કે કોર્ટનું કામ બંધારણીય કોર્ટ તરીકે કામ કરવાનું છે.જે તેણે આ ફિલ્મ પરથી પ્રતિબંધ હટાવીને કર્યું છે.કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની ફરજ જે તે રાજ્યોની છે.રાજ્ય સરકારોએ તેમના રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની જાળવણી કરવાની છે. કોર્ટનું તે કામ નથી.પધ્માવત પરથી પ્રતિબંધ ઉઠાવી લીધા બાદ બીજી અરજી દાખલ કરવામાં આવી હતી તેનો જવાબ આપતાં કોર્ટે આ કહ્યુ હતું.અરજદાર વકીલ મનોહરલાલ શર્માએ કહ્યુ હતું કે સેન્સર બોર્ડે ફિલ્મને મંજુરી આપી તે ગેરકાયદેસર છે. અને આ ફિલ્મ રીલીઝ થશે તો કાયદો અને વ્યવસ્થાની સમસ્યા સર્જાશે. આ દલીલ સામે ચીફ જસ્ટીસ દિપક મિશ્રાએ કહ્યુ હતું કે સોરી બેન્ચે કહ્યુ કે ફિલ્મની રીલીઝ વખતે કાયદો અને વ્યવસ્થા જાળવવાનું કામ રાજ્યોનું છે.તે કામ કોર્ટનું નથી.સરકારોએ હિંસાના ભયનું કારણ આપીને પ્રતિબંધ ન મુકી શકે.

# ચીને દોકલામનો માલિકી હક્ક બતાવતાં ભારતને ખુલ્લી ધમકી આપી

ચીને ફરીએક વાર દોકલામ પોતાની માલિકીનો વિસ્તાર હોવાનું કહીને ભારતને ખુલ્લી ધમકી આપતાં કહ્યુ છે કે તેના દ્વારા આ વિસ્તારમાં થતાં કાર્યો એ વિસ્તારના લોકોના જીવનધોરણમાં સુધારો લાવવા માટેના છે.તેથી આ વિસ્તારમાં થતા નિર્માણના કાર્યો ઉચિત છે.હાલમાં આવેલા રિપોર્ટ પ્રમાણે ચીને આ દોકલામના ઉત્તરીય ક્ષેત્રમાં ૭ હેલિપેડ બનાવ્યા છે.સેટેલાઈટ તસવીરોમાં હથિયારોથી સજ્જ વાહનો પણ જોવા મળ્યા છે. ખાસ વાત એ છે કે દોકલામના જે વિસ્તારોમાં ગતિરોધ સર્જાયો હતો તેની નજીકમાં ચીને મોટા પાયે મીલીટરી કોમ્પ્લેક્ષ બનાવી રહ્યું છે.ચીને આ જ અહેવાલો અંગે પ્રતિક્રિયા આપી છે.સેટેલાઈટ તસવીરો અંગે પુછવામાં આવતાં ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લુ કાંગે કહ્યુ હતું કે મે આ અહેવાલો જોયા છે મને એ વાતનો ખ્યાલ નથી કે આવી તસવીરો કેવી રીતે મળી.


**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.